# પ્રવેશ મેળવવાનો નિબંધ: એ કેમ લખશો?



અમેરિકાની યુનિવર્સિટીઓ જ્યારે પરદેશી વિદ્યાર્થીઓ એમને ત્યાં પ્રવેશ મેળવવાની અરજી કરે છે ત્યારે એ પરદેશી વિદ્યાર્થીએ એક સ્ટેટમેન્ટ ઓફ પર્પસ યા નિબંધ લખીને એમની અરજી જોડે આપવાનો રહે છે. સામાન્ય રીતે આ નિબંધ 625થી 650 શબ્દનો હોવો જોઈએ અને એમાં વિદ્યાર્થીએ પોતાના વિષે, એની અત્યાર સુધીની કારકિર્દી વિષે, ભવિષ્યનાં સ્વપ્નાઓ વિષે, એ પરિપૂર્ણ કેમ કરશે એના વિષે, તેમ જ એણે જે વિષય એ યુનિવર્સિટીમાં ભણવા માટે પસંદ કર્યો છે એ અને એ યુનિવર્સિટીને શા માટે પસંદ કરી છે આ સઘળું એ સ્ટેટમેન્ટ ઓફ પર્પસ યા નિબંધના 625થી 650 શબ્દોમાં લખવાનું રહે છે.

મોટા ભાગના ભારતીય વિદ્યાર્થીઓ અને એમાં પણ ખાસ કરીને ગુજરાતના વિદ્યાર્થીઓ, જેમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન સીમિત હોય છે, તેઓ આવા સ્ટેટમેન્ટ ઓફ પર્પસ યા નિબંધો જાતે ન લખતા એજ્યુકેશન કન્સલ્ટન્ટો પાસે લખાવે છે. આવા નિબંધોના નમૂનાઓ ધરાવતાં પુસ્તકોમાંથી થોડા ઘણા ફકરાઓ ઉઠાંતરી કરીને પોતાના નિબંધમાં ઉમેરે છે. હવેથી તો આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સની મદદથી તેઓ એમના નિબંધ લખાવે છે.

વિદ્યાર્થીઓની એડમિશન માટેની અરજીઓ એકબે નહીં પણ એથી પણ વધુ ઓફિસરો, જેઓએ આવા સેંકડો નિબંધો વાંચ્યા હોય છે, તપાસ્યા હોય છે, એવાં લોકો તપાસે છે. એમની જાણમાં તુરંત જ આવી જાય છે કે આ સ્ટેટમેન્ટ ઓફ પર્પસ કે નિબંધ વિદ્યાર્થીએ જાતે નથી લખ્યો, એજ્યુકેશન કન્સલ્ટેશન પાસે લખાવ્યો છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્ટે એ તૈયાર કરી આપ્યો છે. માર્કેટમાં ઉપલબ્ધ આવા નિબંધનાં જે પુસ્તકો મળે છે એમાંથી જુદા જુદા નિબંધોમાંથી જુદા જુદા ફકરાઓની ઉઠાંતરી કરીને એ નિબંધ લખ્યો છે. આની જાણ થતાં એ વિદ્યાર્થીની એ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવાની અરજી નકારવામાં આવે છે.

અમેરિકાની સાવ સામાન્ય કક્ષાની યુનિવર્સિટીઓ તો એમના વિદ્યાર્થીઓ પાસેથી આવા નિબંધો યા સ્ટેટમેન્ટ ઓફ પર્પસ માગતી જ નથી કારણ કે એમનું ધ્યેય તો ફક્ત વિદ્યાર્થીઓ પાસેથી ટ્યુશન ફી મેળવવાનું જ હોય છે. જે યુનિવર્સિટીઓ ઉચ્ચ કક્ષાની હોય છે, જેમની ગણના અમેરિકાની સારી યુનિવર્સિટીઓમાં થતી હોય છે, તેઓ એમને ત્યાં પ્રવેશ મેળવવા માટે જે કોઈ પણ વિદ્યાર્થી, અમેરિકન હોય યા પરદેશી હોય, એમની પાસેથી તેઓ એમની યુનિવર્સિટીમાં શા માટે ભણવા ઈચ્છે છે એ જણાવતો એક સ્ટેટમેન્ટ ઓફ પર્પસ યા નિબંધ મેળવવાનો આગ્રહ સેવે છે. આવા સ્ટેટમેન્ટ ઓફ પર્પસ યા નિબંધ દ્વારા જ એ વિદ્યાર્થીના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય વિષે યુનિવર્સિટી અનુમાન કરી શકે છે અને નિર્ણય લઈ શકે છે કે એ વિદ્યાર્થી એમને ત્યાં ભણવા યોગ્ય છે કે નહીં? જે ભારતીય વિદ્યાર્થી અમેરિકાની ટોચની યુનિવર્સિટીમાં શિક્ષણ મેળવવાની ઈચ્છા ધરાવતો હોય છે એ માટે એણે એકથી દસ રેન્કમાં આવતી, એમને જે વિષયમાં શિક્ષણ પ્રાપ્ત કરવું હોય એ વિષયમાં શિક્ષણ આપતી, યુનિવર્સિટીઓ સિલેક્ટ કરી હોય છે. એડમિશન મેળવવા માટેની અનેક જરૂરિયાતોમાંથી આ સ્ટેટમેન્ટ ઓફ પર્પસ યા નિબંધ આપવાની જરૂરિયાતને પહોંચી વળવા તેઓ મહિનાઓ પહેલાં લખવાની પ્રેક્ટિસ શરૂ કરી દે છે.

**અમેરિકા વિઝા ગાઈડ**
★ ડો. સુધીર શાહ (એડવોકેટ-મુંબઈ)

**આ નિબંધ જ વિદ્યાર્થીને એડમિશન આપનાર ઓફિસરો જોડે એમની જાતનો સંપર્ક કરાવે છે, ઓળખ આપે છે. આથી આ નિબંધ એક યાદગાર છાપ પાડે એવો હોવો જોઈએ. એમાં લાંબાલચક વાક્યો લખવાં ન જોઈએ. વિદ્યાર્થીનું વિરોધાભાસી વર્તન યા વિચારદર્શન હોવું ન જોઈએ. સૌથી અગત્યનું એમાં સત્ય અને ચોક્કસ વિચારો લખ્યા હોવા જોઈએ. એમાં વિદ્યાર્થી એમના જીવનમાં બનેલ અગત્યનો પ્રસંગ લખી શકે છે પણ આ નિબંધ વિદ્યાર્થીની આત્મકથા બની ન જાય એનું ખાસ ધ્યાન રાખવું જોઈએ**

આવા વિદ્યાર્થીઓ 10-15 વખત તો આવા સ્ટેટમેન્ટ ઓફ પર્પસ યા નિબંધો તૈયાર કરે છે. પહેલી વાર એક નિબંધ લખે પછી એમાં સુધારાવધારા કરે, ત્યાર બાદ એ ફરી ફરીને વાંચે. આવા નિબંધોમાં યુનિવર્સિટીઓને શું જોઈતું હોય છે? વિદ્યાર્થીઓ માટે શું જાણવું હોય છે? એ જાણકારી મેળવ્યા બાદ તેઓ એમનો પ્રથમ વાર લખેલો અને વારંવાર સુધારેલો નિબંધ ફાડી નાખીને બીજો નિબંધ લખે છે. આવા તેઓ 8 થી 10 નિબંધો એક પછી એક લખે છે અને છેલ્લે જ્યારે એમને પૂર્ણ સંતોષ થાય કે જરૂરી એવી બધી જ માહિતી, સારી ભાષામાં, યોગ્ય રીતે દર્શાવવામાં આવી છે એટલે તેઓ એ નિબંધ એમના વડીલોને વંચાવે છે. મિત્રોને વંચાવે છે, પ્રોફેસરોને વંચાવે છે અને એમના સુઝાવોને ધ્યાનમાં લઈને એમાં પાછા સુધારાવધારા કરે છે. આમ મહિનાઓની મહેનત બાદ અનેક વાર ડ્રાફ્ટ તેમ જ રીડ્રાફ્ટ કર્યા પછી તેઓ એમનો નિબંધ ફાઈનલ કરે છે અને યુનિવર્સિટીને મોકલાવે છે.



આ નિબંધ જ વિદ્યાર્થીને એડમિશન આપનાર ઓફિસરો જોડે એમની જાતનો સંપર્ક કરાવે છે, ઓળખ આપે છે. આથી આ નિબંધ એક યાદગાર છાપ પાડે એવો હોવો જોઈએ. એમાં લાંબાલચક વાક્યો લખવાં ન જોઈએ. વિદ્યાર્થીનું વિરોધાભાસી વર્તન યા વિચારદર્શન હોવું ન જોઈએ. સૌથી અગત્યનું એમાં સત્ય અને ચોક્કસ વિચારો લખ્યા હોવા જોઈએ. એમાં વિદ્યાર્થી એમના જીવનમાં બનેલ અગત્યનો પ્રસંગ લખી શકે છે પણ આ નિબંધ વિદ્યાર્થીની આત્મકથા બની ન જાય એનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

વિદ્યાર્થી એમાં પોતાના અનુભવો, શોખ, એ શું વિચારે છે? એના વિચારની શું કિંમત છે? શું શક્તિ છે? એ જણાવી શકે છે. એનું બેકગ્રાઉન્ડ જણાવતી વાતો પણ આ નિબંધમાં પ્રદર્શિત કરી શકે છે.

દરેક વિદ્યાર્થીના જીવનમાં કંઈ ચંદ્રકો પ્રાપ્ત થયા નથી હોતા પણ દરેકના જીવનમાં નાનામોટા યાદગાર પ્રસંગો તો અવશ્ય બન્યા હોય છે જે એ વિદ્યાર્થીનું ચરિત્ર, વિચારણા, રહેણીકરણી, કાર્યક્ષમતા, આ સર્વે છતું કરે છે. આવી કોઈ વાત જે વિદ્યાર્થીના જીવનમાં બની હોય, ભલે એ ખૂબ મોટી ન હોય, નજીવી જેવી જણાતી હોય પણ અગત્યની હોય તો એ જણાવી શકે છે.

આ નિબંધ વિચારવંત હોવો જોઈએ. સૌથી અગત્યનું નિબંધ લખાઈ જાય પછી વિદ્યાર્થીએ એના વડીલોને, મિત્રોને, ભાઈબહેનોને તેમ જ ટીચર યા પ્રોફેસરોને એ વંચાવીને પૂછવું જોઈએ કે તમારા મતે આ નિબંધ લખ્યો છે, એમાં જે જે વાતો જણાવી છે, એ જણાવવા જેવી છે, નિબંધ મારી જાતને છતી કરે છે? યુનિવર્સિટીમાં મોકલાવવા જેવો છે? વિદ્યાર્થી જે નિબંધ લખે એમાં સૌથી અગત્યનું એ છે કે એણે યુનિવર્સિટીને એવી વાત જણાવવી જોઈએ જેનાથી અજાણ હોય. નિબંધનું શરૂઆતનું વાક્ય એટલું અસરકારક હોવું જોઈએ કે એડમિશન ઓફિસરને એ નિબંધ પૂરેપૂરો વાંચવાની ઉત્કંઠા જગાવે. એડમિશન ઓફિસરો વિદ્યાર્થીની લખવાની શૈલી ઉપર પણ ધ્યાન આપતા હોય છે. છેલ્લે નિબંધ જ્યારે સંપૂર્ણપણે સુધારાવધારા કર્યા બાદ, લખાઈ જાય ત્યારે પ્રૂફરીડીંગ અવશ્યથી કરવું જોઈએ. સ્પેલિંગ મીસ્ટેક કે ગ્રામરની ભૂલ હોવી ન જોઈએ. આ સર્વે વાતો ધ્યાનમાં રાખીને વિદ્યાર્થી સ્ટેટમેન્ટ ઓફ પર્પસ યા નિબંધ લખશે તો યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવાની શક્યતામાં અનેકગણો વધારો થશે.